સરકારી કુમાર છાત્રાલય(અ.જા.), હિંમતનગર ખાતે ટોયલેટ રીપેરીંગ, પ્લમ્બીંગ કામ, કીચન પ્લેટફોર્મ તેમજ લાદીકામ, બારીબારણા તેમજ કબાટના રીપેરીગકામ, કમ્પાઉન્ડ વોલના બાંધકામ, ઈલેક્ટ્રીક કામ, શેડ અને પાણીની ટાંકીના રીપેરીંગની કામગીરી માટેના ખર્ચ અંદાજોની વહીવટી મંજૂરી આપવા બાબત

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક: SJED/MIS/e-file/17/2026/1097/G

સચિવાલય, ગાંધીનગર

તા.ઈ-સાઈન મુજબ

**વંચાણે લીધા :**

(૧) નિયામક(અનુસૂચિત જાતિ કલ્યાણ) કચેરીનો પત્ર ક્રમાંક: DSCWG/0245/03/2026 , તા.૦૪/૦૪/૨૦૨૬

**આમુખ :**

અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓને અન્ય વર્ગોના વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓની જેમ શિક્ષણની તક મળે અને તેઓ ઉચ્ચ અભ્યાસ કરવા પ્રેરાય તે માટે રાજ્યભરમાં સરકારી છાત્રાલયો(કુમાર અને કન્યા) ખાતે ધોરણ ૧૧ અને તેનાથી ઉપરના અભ્યાસક્રમો માટે રહેવા, ભણવા તેમજ જમવાની નિ:શુલ્ક સુવિધા આપવામાં આવે છે. વંચાણે લીધેલ ક્રમાંક - (૧) પરના નિયામક(અનુસૂચિત જાતિ કલ્યાણ) કચેરીના તા.૦૪/૦૪/૨૦૨૬ના પત્રથી સરકારી કુમાર છાત્રાલય(અ.જા.), હિંમતનગર ખાતે ટોયલેટના રીપેરીંગ, પ્લમ્બીંગ કામ, કીચનના પ્લેટફોર્મ તેમજ લાદીકામ, બારીબારણા - કબાટના રીપેરીગકામ, કમ્પાઉન્ડ વોલના બાંધકામ, ઈલેક્ટ્રીક કામ, શેડ બનાવવા અને પાણીની ટાંકીના રીપેરીંગની કામગીરી માટેના રૂ.૬૨,૩૪,૦૦૦/-(અંકે રુપિયા બાંસઠ લાખ ચોત્રીસ હજાર પુરા)ના ખર્ચ અંદાજોને વહીવટી મંજૂરી આપવા માટે અત્રે દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :**

કાળજીપૂર્વકની વિચારણાને અંતે, સરકારી કુમાર છાત્રાલય(અ.જા.), હિંમતનગર ખાતે ટોયલેટના રીપેરીંગ, પ્લમ્બીંગ કામ, કીચનના પ્લેટફોર્મ તેમજ લાદીકામ, બારીબારણા - કબાટના રીપેરીગકામ, કમ્પાઉન્ડ વોલના બાંધકામ, ઈલેક્ટ્રીક કામ, શેડ બનાવવા અને પાણીની ટાંકીના રીપેરીંગની કામગીરી માટેના રૂ.૬૨,૩૪,૦૦૦/-(અંકે રુપિયા બાંસઠ લાખ ચોત્રીસ હજાર પુરા)ના ખર્ચ અંદાજોને નીચે મુજબની શરતોને આધીન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

(૧) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૨) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(3) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૪) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. તથા બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી નં – ૯૫, મુખ્ય સદર – ૪૨૨૫ અનુસૂચિત જાતિઓ અનુસૂચિત આદિજાતિઓ અન્ય પછાતવર્ગો અને લઘુમતિઓનું

કલ્યાણ અગે મૂડી ખચે, પેટા મુખ્ય સદર – ૦૧ અનુસૂચિત જાતિઓનુ કલ્યાણ, ગૌણ સદર – ૨૭૭ શિક્ષણ, પેટા સદર – ૦૪ SCW-32 સરકારી મકાનોના અપગ્રેડેશન અને મોર્ડનાઈઝેશનની જોગવાઈમાંથી કરવાનો રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ઈ-ફાઈલ પર નાણાવિભાગની તા.૧૪/૦૮/૨૦૨૬ની નોંધ પર મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

e-SD/-

(ડૉ.અનંત ગર્ગ)

ઉપસચિવ

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

**<u>નકલ રવાના :</u>**

- અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(સા.ન્યા.) કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ – ૧, સચિવાલય, ગાંધીનગર
- અંગત સચિવશ્રી, માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.) કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ - ૨, સચિવાલય, ગાંધીનગર
- રહસ્ય સચિવશ્રી,અગ્રસચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણા સલાહકારશ્રી(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ, ગુજરાત
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર
- કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, હિંમતનગર, જિ.સાંબરકાંઠા
- સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી(અ.જા.) (નિયામકશ્રી, અ.જા.ક. મારફત)
- સેક્શન અધિકારીશ્રી(બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય.
- સિલેક્ટ ફાઈલ ૨૦૨૬